| | | | |
|---|---|---|---|
| | | **કેસ દાખલ થયાની તા.** | **૧૬/૦૯/૨૦૧૩** |
| | | **કેસ રજીસ્ટર્ડ થયાની તા.** | **૧૬/૦૯/૨૦૧૩** |
| | | **ઠરાવ જાહેર થયાની તા.** | **૦૧/૦૪/૨૦૨૬** |
| | | **સમયગાળો: વર્ષ–૧૨, મહિનો–૦૬,દિવસ– ૧૩** | |

---------------------------------------------

**<u>મેઘરજના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ</u>**

---------------------------------------------

**<u>ફોજદારી કેસ નંબર : ૯૧૭/૨૦૧૩</u>**

**<u>આંક :</u>**

---------------------------------------------

**ફરીયાદી :** **શ્રી સરકાર**

મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૦૦૨૭/૨૦૧૩

**• વિરૂધ્ધ •**

**આરોપીઓ :** (૧) વિક્રમભાઈ મનુભાઈ ડામોર

(૨) વિનુભાઈ મનુભાઈ ડામોર

(૩) મુકેશભાઈ રમેશભાઈ ડામોર

(૪) રમેશભાઈ રાયચંદભાઈ ડામોર

રહે. બેલ્યો, તા. મેઘરજ, જી. અરવલ્લી.

---------------------------------------------

ગુનો: **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ–૩૨૩, ૩૨૪ , ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ**

---------------------------------------------

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલશ્રી આર.એન.પટેલ

---

**॰ હુકમ ॰**

(૧) આ કામના આરોપીઓ સામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૦૦૨૭/૨૦૧૩ તા. ૧૬/૦૯/૨૦૧૩ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬૦ ની કલમ–૩૨૩, ૩૨૪ , ૫૦૪, ૫૦૬ (૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**(૨) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–**

સદર કામના આરોપીઓએ તા. ૨૬/૦૭/૨૦૧૩ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે બેલ્યો ગામે અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી ફરીયાદી તથા સાહેદોને લાકડીઓથી માર મારી આરોપી નં. ૧ નાએ સાહેદ લાલાભાઈને કપાળના ભાગે લાકડી મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાને મદદગારી કરી આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ–૩૨૩, ૩૨૪ , ૫૦૪, ૫૦૬ (૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરતા, તે અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

**(૩) કોર્ટ કાર્યવાહી :–**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢ વામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીનાઓએ આંક – ૨૨ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની આંક – ૨૩ થી આંક– ૨૬ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ સાહેદ રણછોડભાઈ કોદરભાઈ ડામોર ની જુબાની | ૪૯ |
| ૦૨ | પંચનામુ | ૫૦ |
| ૦૩ | પંચ સાહેદ માનાભાઈ દેવાભાઈ ડામોર ની જુબાની | ૫૧ |
| ૦૪ | સાહેદ પનાલાલ માંગીલાલ મારવાડીની જુબાની | ૫૩ |
| ૦૫ | ફરીયાદી રમેશભાઈ ભુરાભાઈ ડામોર ની જુબાની | ૧૦૦ |
| ૦૬ | ફરીયાદ | ૧૦૧ |
| ૦૭ | સાહેદ લાલાભાઈ ભુરાભાઈ ડામોર ની જુબાની | ૧૦૨ |
| ૦૮ | પંચ સાહેદ શનાભાઈ લાલુભાઈ ડામોરની જુબાની | ૧૦૪ |
| ૦૯ | પંચનામુ | ૧૦૫ |
| ૧૦ | સાહેદ મંગાભાઈ ફતાભાઈ મારીવાડ ની જુબાની | ૧૦૬ |
| ૧૧ | પંચસાહેદ જગદીશભાઈ કાળુભાઈ ડામોરની જુબાની | ૧૦૭ |

| | | |
|---|---|---|
| ૧૨ | સાહેદ કમળીબેન ભુરાભાઈ ડામોર ની જુબાની | ૧૦૮ |
| ૧૩ | સાહેદ શારદાબેન લાલાભાઈ ડામોર ની જુબાની | ૧૩૨ |
| ૧૪ | સાહેદ સવિતાબેન રમેશભાઈ ડામોરની જુબાની | ૧૩૩ |
| ૧૫ | સાહેદ ડૉ. શ્વેતલાના ક્લેમેન્ટ એહારીની જુબાની | ૧૩૫ |
| ૧૬ | મેડીકલ સર્ટી | ૧૩૬, ૧૩૭,૧૪૦ |

(૫) ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેમણે બનાવ બાબતે તેઓ કઈ જાણતા નથી. જમીનની ખોટી અદાવત રાખી ખોટી ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી ઓ તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૬) ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પીશ્રીને તથા આરોપીઓ તરફે તેમના વિ. વકીલ શ્રીની વિસ્તૃત દલીલો મૌખિકમાં સાંભળવામાં આવી.

(૭) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે, આરોપીઓએ તા. ૨૬/૦૭/૨૦૧૩ ના કલાક ૧૮/૦૦ વાગે મોજે બેલ્યો ગામે અગાઉ થયેલ ઝગડાની અદાવત રાખી ફરીયાદી તથા સાહેદોને લાકડીઓથી માર મારી આરોપી નં. ૧ નાએ સાહેદ લાલાભાઈને કપાળના ભાગે | નકારમાં |

| | | |
|---|---|---|
| | લાકડી મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાને મદદગારી કરી આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ-૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે **?** | |
| **૨.** | શું હુકમ **?** | આખરી હુકમ મુજબ |

**<u>૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦</u>**

(૮) **-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**<u>મુદ્દાની ચર્ચા :-</u>**

અદાલતે ફોજદારી કેસના ન્યાય-નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સંજોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **"Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous"** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧

ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

## (૯ ) <u>પંચસાહેદ નો પુરાવો :–</u>

આ કામે આંક– ૪૯ થી પંચસાહેદ રણછોડભાઈ કોદરભાઈ ડામોર ને તથા આંક– ૫૧ થી પંચસાહેદ માનાભાઈ દેવાભાઈ ડામોર તથા આંક– ૧૦૪ થી પંચસાહેદ શનાભાઈ લાલુભાઈ ડામોર તથા આંક– ૧૦૭ થી પંચસાહેદ જગદીશભાઈ કાળુભાઈ ડામોર નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચસાહેદો પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે અને તૈયાર પંચનામામાં સહી કરેલી તે સીવાય બીજુ કંઇ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે જેથી તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્રાહય રાખી એવીડેન્સ એકટની કલમ– ૧૫૪ અન્વયે પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પંચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. આમ, સદર કામે આંક– ૫૦ તથા આંક–૧૦૫ થી રજુ કરવામાં આવેલ પંચનામા ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

## (૧૦) <u>ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–</u>

**(૧૦ .૧)** ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૧૦૦ થી ફરિયાદી રમેશભાઈ ભુરાભાઈ ડામોર** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, બનાવ તા.૨૬/૦૭/૨૦૧૩ ના રોજ બનેલો. બનાવ વખતે તેઓ મેઘરજ થી સાંજના સાડા પાંચ–છ વાગે ઘરે જતા હતા અને તે દરમ્યાન બેલ્યો મુકામે કરીયાણુ લેવા સારુ મારવાડી કરીયાણાની દુકાને ઉભા રહેલા તે દરમ્યાન આ કામના આરોપીઓ આ સ્થળે લાકડીઓ લઈ આવેલા અને તેઓ ને લાકડીઓથી તેઓ ને બરડાના

ભાગે, કપાળના ભાગે માર મારવા લાગેલા અને બનાવ વખતે તેઓના ભાઈ લાલાભાઈ ભુરાભાઈ ડામોર તેઓ ને બચાવવા સ્થળ ઉપર આવેલા અને તે વખતે લાલાભાઈને આરોપીઓએ લાકડીઓથી માર મારેલ અને એ મારમાં વિક્રમભાઈએ માથાના ભાગે લાલાભાઈને લાકડી મારેલી અને મંગાભાઈ ફતાભાઈનાઓ વચ્ચે પડતા તેમને પણ આ ચારેય આરોપીઓએ લાકડી વડે શરીરે માર મારેલ અને આરોપીઓ ત્યાંથી જતા રહેલા ત્યારબાદ તેઓ ત્રણેય મેઘરજ પો.સ્ટેશન આવેલા અને ત્યાં બનાવની જાણ કરેલી અને સારવાર માટે મેઘરજ સરકારી દવાખાને આવેલા અને ત્યાંથી તેઓ ને મોડાસા સાર્વજનીક હોસ્પીટલ ખાતે સારવાર અર્થે મોકલેલા અને સદર બનાવમાં લાલાભાઈને હોસ્પીટલમાં દાખલ કરેલા અને ત્યારબાદ તેઓને બે-ત્રણ દિવસ સારવાર બાદ રજા આપેલી અને આ બનાવ બાબતે તેઓએ મેઘરજ પોલીસ મથકે ચારેય આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી.

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરતાં એવી હકીકત કબુલે છે કે, બનાવ વખતે બુમાબુમ થતા તેમના ઘરે ખબર પડતા તેમના ઘરેથી તેમની પત્ની સવીતાબેન તથા તેમના ભાઈ લાલાભાઈની પત્ની શારદાબેન આવી ગયેલા અને તેઓને વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવેલા અને આ લોકો તેઓને જોઈને જતા રહેલા અને જતા જતા ગાળો બોલી કહેતા હતા કે આજે તો બચી ગયા છો પરંતુ ફ્રી મળશો તો જીવતા છોડીશુ નહિ તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલા.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, તેઓ ધોરણ- ૧૨ સુધી ભણેલ છે. તેઓ ઘરેથી મેઘરજ મોટર સાયકલ લઈને ગયેલા. તેઓ ઘરેથી મેઘરજ જવા સવારે અગીયાર-બાર વાગે નિકળેલ. બેલ્યોથી મેઘરજ ૧૫ થી ૨૦ કિ.મી.દુર છે. મેઘરજથી બેલ્યો જવા સાંજના સાડા ચાર પાંચ

વાગે નિકળેલ. મેઘરજથી બેલ્યો જવા તેઓ એકલા નિકળેલ. મેઘરજથી બેલ્યોનો રસ્તો ડામરવાળો તથા પથ્થરવાળો છે. **બનાવવાળી જગ્યાની બાજુમાં ચમારવાસ અને મારવાડી પન્નાલાલ માંગીલાલની દુકાન આવેલી છે.** નજીકમાં બીજા પણ ઘરો આવેલા છે. **બનાવ વાળી જગ્યાથી આરોપીઓ અને તેઓનુ ઘર અડધો થી પોણો કિ.મી. દુર આવેલ છે. , બનાવવાળી જગ્યાએથી તેઓનુ ઘર સીધેસીધુ જોઈ શકાય તેમ નથી.** બેલ્યો મુકામે સી.એચ.સી. સેન્ટર આવેલ છે. **બેલ્યો થી તેઓ પહેલા પો.સ્ટેશન ગયેલા ત્યારબાદ દવાખાને ગયેલા.** તેઓ પોલીસ સ્ટેશન સાંજના સાડા છ–સાત વાગે પહોચેલા ત્યા તેઓ અડધો પોણો કલાક જેટલુ રોકાયેલા. તેઓ **અંદાજે આઠ વાગ્યાની આસપાસ મેઘરજ દવાખાને પહોચેલા.** મેઘરજ સરકારી દવાખાનનો ડોકટરને મળવાનો સમય ચાર થી છ નો હોય છે. તેઓ મેઘરજ સરકારી દવાખાને એકાદ કલાક જેટલુ રોકાયેલા. ડોકટરને બનાવની હિસ્ટ્રી તેઓએ જણાવેલી. મેઘરજ દવાખાનેથી તેઓ ને મોડાસ રીફર કરેલા. તેઓ મોડાસા દવાખાને રાત્રીના દસેક વાગે પહોચેલા. મેઘરજ થી મોડાસા ૨૨ કિ.મી.નુ અંતર છે. ત્યારબાદ તેઓએ વકીલનો ફરીયાદ કરવા સંપર્ક કરેલો અને વકીલ મારફતે ફરીયાદ આપેલી. આ ફરીયાદ લેખીતમાં આપેલી. **ફરીયાદ આપવા તેઓ એકલા ગયેલા. ફરીયાદ બનાવના બીજા દિવસે આપેલી.** બનાવ પછી તેઓ સ્વસ્થ હતા. બનાવ પછી પોલીસ તેઓના ઘરે આવેલ નથી. સાહેદ જણાવેલ છે કે, બનાવ સ્થળે આવેલી. ફરીયાદના બીજા દિવસે પોલીસ સ્થળ ઉપર આવેલી. સ્થળ ઉપર પોલીસ આવી ત્યારે તેઓ એકલા હતા. પશુપાલન અને ખેતીનો વ્યવસાય હોય તે લોકો મોટા ભાગે ઘરે લાકડી રાખતા હોય છે. આ કામના સાહેદ કમળાબેન તેઓના માતા થાય છે. બનાવના દિવસે તેઓના માતા તેઓની સાથે પોલીસ સ્ટેશન આવેલા ત્યારબાદ તેઓના માતા પોલીસ સ્ટેશન આવેલા નથી. સાહેદ સવીતાબેન તેઓના પત્ની છે. બનાવના દિવસે તેઓના પત્ની તેઓની સાથે પોલીસ સ્ટેશન આવેલા ત્યારબાદ તેઓના પત્ની પોલીસ સ્ટેશન આવેલા નથી. લાલાભાઈ ભુરાભાઈ તેઓના ભાઈ થાય છે. તે બનાવના દિવસ પછી પોલીસ સ્ટેશન આવેલા નથી. સાહેદ જણાવે છે કે, તેઓને પોલીસે બોલાવેલા હોય તેની તેઓ ને ખબર નથી. તેઓ તથા તેઓના ભાઈના મકાન

જોડે જોડે આવેલ છે. સાહેદ જણાવે છે કે, તેઓના ભાઈ ૫૦૦ મીટર દુર આવેલ ઘરે રહે છે. બનાવ સમય ચોમાસાની ઋતુ હતી અને તે સમયે મચ્છરોના ત્રાસ વધી જતો હોય છે. મં ગાભાઈ ફતાભાઈ સાથે તેઓને સારા સંબંધો છે. મંગાભાઈ ફતાભાઈનુ ઘર બનાવવાળી જગ્યાએથી એક થી દોઢ કિ.મી. દુર આવેલ છે. આરોપીઓ તેઓના ગામના હોય તેઓને પહેલાથી જ ઓળખે છે. ફરીયાદીએ તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓના ભાઈને પડી જવાથી માથામાં પથ્થર વાગેલો, તેઓએ સ.ત.માં જણાવેલી હકીકતો ખોટી જણાવે છે, આરોપીઓ સાથે તેઓ પહેલાથી જ સારા સંબંધો નથી, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૦.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૧૦૨ થી સાહેદ લાલાભાઈ ભુરાભાઈ ડામોર ને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, બનાવ તા. ૨૬/૦૭/૨૦૧૩ ના રોજ બનેલો અને બનાવ વખતે તેઓ ઘરે હાજર હતા. તે વખતે તેઓ ઉપર ફોન આવેલ કે અને જણાવેલ કે તેઓના ભાઈ રમેશભાઈ ભુરાભાઈ નાઓને વિક્રમભાઈ મનુભાઈ, વિનુભાઈ મનુભાઈ, રમેશભાઈ રાયસિંગભાઈ અને મુકેશભાઈ રમેશભાઈ સાથે બેલ્યો ગામે પન્નાલાલ મારવાડીની દુકાન આગળ ઝઘડો ચાલે છે સદર ફોન તેઓ ને સાજના સમયે પાચ સાડા પાચ વાગે આવેલ અને ફોન બાદ તેઓ મો.સાયકલ લઈને બનાવ સ્થળે ગયેલા અને જોયેલુ કે તેઓના ભાઈ રમેશભાઈ સાથે આ કામના આરોપીઓ ઝઘડો ચાલુ હતો તેવામાં વિક્રમભાઈ મનુભાઈએ તેઓ ને કપાળના ભાગે લાકડી મારેલી અને વિનુભાઈ મનુભાઈએ તેઓ ને બરડાના ભાગે લાકડી મારેલી અને ત્યારબાદ આ કામના આરોપીઓ તેઓ ને ધમકી આપી કહેલ કે તમને છોડવાના નથી જાનથી મારી નાખવાના છે અને ત્યારબાદ તેઓ મેઘરજ સરકારી દવાખાને સારવાર માટે આવેલા અને ત્યારબાદ વધુ સારવાર માટે મોડાસા સાર્વજનીક દવાખાને રીફર કરેલા અને ત્યા તેઓ એ સારવાર લીધેલી અને તેઓ ની **પાસળી પર ઈજા થતા તુટી ગયેલ હોય છ દીવસ સુધી તેઓ ને સારવાર માટે દાખલ રાખેલ** અને ત્યારબાદ આ બનાવ બાબતે તેઓના

ભાઈ રમેશભાઈ નાઓએ મેઘરજ પો.સ્ટે. ફરીયાદ આપેલ અને પોલીસે બનાવ બાબતે તેઓનો જવાબ લીધેલો.

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરતાં એવી હકીકત કબુલે છે કે, તેઓએ તેમના તા. ૨૮/૦૭/૨૦૧૩ ના રોજના પોલીસ જવાબમાં એવી હકીકત લખાવેલ છે કે, “તેમના ભાઈ મેઘરજથી ઘરે આવતા હતા તે દરમ્યાન તેમના ગામમાં આવેલ દુકાન નજીક મો.સાયકલ રોડ ઉપર ઉભુ રાખી દુકાને કરીયાણુ લેવા સારૂ ઉતરતા આ કામના આરોપીઓએ એકદમ આવી તેમના ભાઈને લાકડીઓથી તેમજ ગડદાપાટુનો માર મારવા લાગેલા. તેઓ બંને ભાઈઓને છોડાવવા વચ્ચે પડતા મંગાભાઈને રમેશભાઈએ પગના ભાગે લાકડીથી માર મારેલો તેમજ ગડદાપાટુનો માર મારેલ અને બુમાબુમ થતા તેમના ઘરેથી તેમની પત્ની શારદાબેન તથા તેમના ભાભી સવીતાબેન તથા તેમની બા કમળીબેન બનાવસ્થળે આવી જતા તેઓને વચ્ચે પડી વધુ મારમાંથી છોડાવેલા અને આ લોકો તેઓને જોઈને જતા રહેલા અને જતા જતા નઠારી ગાળો બોલી કહેતા હતા કે આજે તો બચી ગયા છો પરંતુ ફ્રી મળશો તો જીવતા છોડીશુ નહી તેવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જતા રહેલા.”

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, તેઓ ધોરણ – ૧૦ ભણેલ છે. તેઓ પોલીસ પ્રોસેસથી માહિતગાર છે. રમેશભાઈ ઘરેથી મેઘરજ જવા કેટલા વાગે જવા નિકળેલા તેની તેઓ ને ખબર નથી. મેઘરજ થી બેલ્યો ૧૬ કિ.મી. દુર આવેલ છે. મેઘરજ થી બેલ્યો જતો રોડ ડામર રોડ છે. બનાવવાળી જગ્યાની પાસે પન્નાલાલ મારવાડીની દુકાન તથા ચમારવાસ અને બીજી દુકાનો આવેલી છે. બનાવવાળી જગ્યાએથી તેઓનુ મકાન અડધો કિ.મી. દુર આવેલ છે. બનાવવાળી જગ્યાએથી

આરોપીઓનુ મકાન અડધો કિ.મી. ઉપર દુર આવેલ છે. બનાવવાળી જગ્યાએથી તેઓનુ મકાન સીધેસીધુ જોઈ શકાય તેમ નથી. બેલ્યો મુકામે સી.એચ.સી. સેન્ટર આવેલુ છે. બનાવની જાણ તેઓ ને **પ્રદિપભાઈ મોહનભાઈના ફોન** આવવાથી સાંજના સાડા પાંચ વાગે થયેલી. બનાવ બાદ તેઓએ સીધો સરકારી દવાખાને આવેલો. દવાખાને તેઓ તેઓના ભાઈ રમેશભાઈ, તેઓના પત્ની શારદાબેન તથા મંગાભાઈ ફતાભાઈ, કાળુભાઈ લક્ષ્મણભાઈનાઓ ગયેલા. આ મંગાભાઈ ફતાભાઈ તથા કાળુભાઈ લક્ષ્મણભાઈ સાથે તેઓને સારા સંબંધો છે. તેઓ દવાખાને સાતેક વાગ્યાની આસપાસ પહોચેલો. દવાખાને અડધો કલાક રોકાયેલા ત્યારબાદ મોડાસા દવાખાને ગયેલા. મોડાસા દવાખાને તેઓ તેઓના ભાઈ રમેશભાઈ, તેઓના પત્ની શારદાબેન તથા મં ગાભાઈ ફતાભાઈ તથા કાળુભાઈ લક્ષ્મણભાઈનાઓ ગયેલા. તેઓ એ મેઘરજ દવાખાને કેસ રીપોર્ટ કઢાવેલો પરંતુ તેઓ ને ના પાડતા તેઓ સીધા મોડાસા દવાખાને સાંજે સાડા સાત વાગ્યાની આસપાસ જવા નિકળેલા. તેઓ દવાખાને સરકારી વાહનમાં ગયેલા જેનો નંબર તેઓ ને યાદ નથી. એ વાતની તેઓ ને ખબર નથી કે, મેઘરજ સરકારી દવાખાનના ડોકટરનો ઓ.પી.ડી. નો સમય ૪ થી ૬ વાગ્યાનો છે. **ફરીયાદ આપવા તેઓના ભાઈ રમેશભાઈ જાતે તથા તેની સાથે મંગાભાઈ ફતાભાઈ મોડાસા પોલીસ સ્ટેશન ગયેલા.** તેઓ તેઓના ભાઈ સાથે ફરીયાદ આપવા ગયેલ નથી. **મોડાસા દવાખાને તેઓ ૩ દિવસ રોકાયેલા.** ૩ દિવસ બાદ રજા મળતા તેઓ સીધા તેઓના ઘરે આવેલા. પોલીસ દવાખાને તથા ઘરે તેઓનો જવાબ લેવા આવેલી. પોલીસ તેઓના ઘરે જવાબ લેવા ચોકકસ કયા દિવસ આવેલી તેની તેઓ ને ખબર નથી. દવાખાને જઈ તેઓ ડોકટરને તેઓની હિસ્ટ્રી જણાવેલી. કમળીબેન તેઓના માતા થાય છે. શનાભાઈ તથા જગદિશભાઈ તેઓના ગામના છે અને તેમની સાથે તેઓને સારા સંબંધો છે. રણછોડભાઈ કોદરભાઈ અને માનાભાઈ દેવાભાઈ તેઓના ગામના છે. સવીતાબેન તેઓના ભાભી છે. શારદાબેન તેઓના પત્ની થાય છે અને આ તમામ તેઓના ઘરના માણસો છે. બનાવવાળી જગ્યાએ આવેલ પન્નાલાલની દુકાન સવારથી સાંજ સુધી ખુલ્લી હોય છે અને ત્યાં પન્નાલાલ બેસેલા હોય છે.

તેઓ ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે. ખેતી અને પશુપાલનના વ્યવસાય માટે આપણે આપણા ઘરે લાકડીઓ રાખતા હોઈએ છે. બનાવની હકીકત તેઓ ને ફોનથી જણાવેલ તેવુ તેઓના પોલીસ જવાબમાં લખાવેલ નથી. ''સદર ફોન મને સાજના સમયે પાચ સડા પાચ વાગે આવેલ અને ફોન બાદ હુ મો.સાયકલ લઈને બનાવ સ્થળે ગયેલો'' તેવી હકીકત તેઓના પોલીસ જવાબમાં લખાવેલી નથી. '' અમોની પાસળી પર ઈજા થતા તુટી ગયેલ હોય છ દીવસ સુધી અમોને સારવાર માટે દાખલ રાખેલ'' તેવી હકીકત તેઓના પોલીસ જવાબમાં લખાવેલી નથી. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ વાળા રોડ ઉપર વાહનોની સતત અવર જવર રહે છે, તેઓ ને સરકારી દવાખાનેથી બીજા જ દિવસે રજા મળી ગયેલી, તેઓ આરોપીઓ સાથે પહેલેથી જ અદાવત ચાલે છે, બનાવના સવારે ફરીયાદી રમેશભાઈએ આરોપી રમેશભાઈ રાયસંગભાઈના દિકરાને માર મારેલો, તેઓ ને પડી જવાનથી ઈજા થયેલી, બનાવ સયમે ચોમાસાની સિઝન હતી, બનાવવાળી જગ્યાની આજુબાજુ ઝાડી ઝાંખરાવાળી જગ્યા આવેલ હતા, બનાવવાળા સ્થળે ચોમાસાની સિઝન હોવાથી મચ્છરનો ત્રાસ હતો, આરોપીઓ અને તેઓ એકજ ગામના હોય સામ સામે મળતા હોઈએ છે, આરોપીઓએ તેઓ ને માર મારેલ, ગાળો બોલેલ હોય, ધમકી આપેલ તેવુ બનેલ નથી, સ.ત.માં જણાવેલી હકીકતો તેઓ ખોટી જણાવે છે, સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૦ .૩)** ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૧૦૮ થી સાહેદ કમળીબેન ભુરાભાઈ ડામોર** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આજથી ઘણા વર્ષ અગાઉ તેઓ દૂધ ભરાવવા બેલ્યો ગામે ગયેલ અને ત્યાંથી ઘરે પરત આવતાં સાંજના પાંચેક વાગે તેઓ ને જાણ થયેલી કે આ કામના આરોપી વિક્ર મભાઈ, મુકેશભાઈ, રમેશભાઈ, વીનુભાઈનાઓ તેઓના દિકરા રમેશભાઈને માર મારે છે જેથી તેઓ તેઓના દિકરા લાલાભાઈને બનાવની જાણ કરેલી અને લાલાભાઈ વિક્ર

મભાઈને બચાવવા જતાં **વિક્રમભાઈએ લાલાભાઈને માથામાં કુહાડી મારેલી** અને ત્યારબાદ તેઓ તથા લાલાભાઈની પત્ની શારદાબેન બનાવસ્થળે ગયેલા અને જોયેલું તો લાલાભાઈને માથામાં લોહી નીકળતું હતું જેથી તેઓ તેઓને લઈને મેઘરજ સરકારી દવાખાને સારવાર માટે લાવેલા અને વધુ સારવાર માટે મોડાસા સરકારી દવાખાને તેઓને સારવાર માટે દાખલ કરેલા અને આ બનાવ બાબતે તેઓના દિકરા રમેશભાઈએ ફરિયાદ આપેલી અને આ બનાવ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો.

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરતાં એવી હકીકત કબુલે છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમાં એવી હકીકત લખાવેલ છે કે, તેમના મોટા દીકરા રમેશભાઈને પુછતા તેઓએ તેમને જણાવેલ કે, વિક્રમભાઈ, વીનુભાઈ, મુકેશભાઈ અને રમેશભાઈનાઓ મેઘરજથી ઘરે આવતા દુકાને કરીયાણુ લેવા સારૂ મો.સા રોડ ઉપર ઉભી રાખેલ તે વખતે આ ચારે જણા લાલાભાઈની જુની અદાવત રાખી તેમને માર મારવા લાગેલા અને ગાળો બોલવા લાગેલા તેવામાં તેઓએ બુમાબુમ કરતા લાલાભાઈનાઓ આવી વચ્ચે પડી છોડાવેલા.તેમજ તેમના ઘરના માણસો તથા બીજા ગામના માણસો આવી જતા આ ચારે જણા ત્યાથી તેમના ઘર તરફ જતા હતા ગાળો બોલી કહેતા હતા કે આજે બચી ગયા છો હવે પછી મળશો તો નહી છોડીશુ તેવી ધમકીઓ આપતા જતા રહેલા અને તેમના દીકરા લાલાભાઈને વધુ ઈજાઓ થયેલ હોય તેઓ તથા રમેશભાઈ તથા મંગાભાઈ તેમજ શારદાબેન સાથે પ્રાઈવેટ વાહનમાં મેઘરજ સરકારી દવાખાને લઈ આવેલા અને સારવાર કરાવેલી અને ત્યા રમેશભાઈ તથા મંગાભાઈને પણ શરીરે ઈજાઓ થયેલ હોય તેઓએ પણ સારવાર કરાવેલી. વધુમાં, સાહેદે તેમના પોલીસ જવાબની અન્ય હકીકતોનો ઈન્કાર કરેલ છે.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, તેઓ અભણ છે. તેઓ ને શબ્દોમાં કે આકડામાં ખબર પડતી નથી. તેઓ ને તારીખમાં પણ ખબર પડતી નથી. **પોલીસે તેઓનો જવાબ લીધેલો નથી.** મેઘરજથી તેઓનુ ગામ કેટલુ દુર છે તેની તેઓ ને ખબર નથી. બનાવ વાળી જગ્યાએ ડામર વાળો અને પથ્થર વાળો રસ્તો છે. બનાવ વાળી જગ્યાએથી તેઓનુ ઘર ૧ કીમી દુર આવેલ છે. બનાવ વાળી જગ્યા નજીક પન્નાલાલ મોગીલાલ ની કરીયાણાની દુકાન આવેલી છે તે દુકાને સવાર થી રાત સુધી લોકો વસ્તુઓ લેવા અવર જવર કરતા હોય છે અને પન્નાલાલ તેમની દુકાને જ હોય છે. બનાવ વાળી જગ્યાએ ઘણા વાહનો ની અવર જવર થતી હોય છે. બનાવ વાળી જગ્યાએ નજીક ચમાર વાસ આવેલ છે જયા ઘણા મકાનો આવેલા છે. બનાવ સમયે તેઓ તેઓના ઘરે હતા. બનાવ સમયે તેઓ ઘરે હતા જેથી બનાવ વાળી જગ્યાએ કેવી રીતે બનાવ બન્યો તેની તેઓ ને ખબર નથી. સાહેદ જણાવે છે કે બનાવ ચાલુ હતો ત્યારે તેઓ પહોચેલા. દવાખાને તેઓ અને તેઓના બે છોકરા ગયેલા. દવાખાને થી તેઓ ત્રણેય પોલીસ સ્ટેશને ગયેલા. દવા લઈને તેઓ તેજ દીવસે પોલીસ સ્ટેશને ગયેલા. ત્યારબાદ તેઓના દીકરાની વહુ હોસ્પીટલ આવતા તેઓ ઘરે જતા રહેલા. **પોલીસ સ્ટેશનમાં ફરીયાદ તેઓના બન્ને દીકરા લાલાભાઈ અને રમેશભાઈ નાઓએ લખાવેલી.** તેઓના દીકરા અઠવાડીયા બાદ ઘરે પરત આવેલા. ખેતી અને પશુપાલનનો ધંધો કરે છે જેના માટે ઘરે લાકડીઓ રાખે છે. આરોપીઓ સાથે તેઓને પહેલેથી જ બોલાચાલી નથી. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ સમયે અંધારૂ હતુ, બનાવના દીવસે ફરીયાદીએ રમેશભાઈ ના દીકરાને માર મારેલો, તેઓના દીકરાને રોડ ઉપર પડી જતા વાગેલુ, આરોપીઓ તેઓના દીકરાને ગાળો બોલેલા નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી, બેલ્યો મુકામે સી.એચ.સી.સેન્ટર આવેલ છે, આવો બનેલ ન હોવા છતા ફરીયાદી તેઓના દીકરો થતો હોય તેની ફરીયાદને સમર્થન આપવા સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે, તેઓ તેઓની સરતપાસમાં જણાવેલ હકીકતો ખોટી જણાવે છે.

(૧૦.૪) ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૧૩૨ થી સાહેદ શારદાબેન લાલાભાઈ ડામોર** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, સને ૨૦૧૩ માં બનેલો. બનાવ વખતે તેઓ તેઓના ઘરે હાજર હતા ત્યારે તેઓ ને માણસોથી જાણ થયેલી કે તેઓના જેઠ રમેશભાઈ ભુરાભાઈને આ કામના આરોપીઓ ભેગા મળી મારતા હતા જેથી તેઓના પતિ લાલાભાઈ બાઈક ઉપર તેઓને બચાવવા બનાવ સ્થળે ગયેલા અને તેઓ તથા તેઓના જેઠાણી સવિતાબેન તથા ઘરના બીજા માણસો ચાલતા ચાલતા બનાવ સ્થળે ગયેલા ત્યારે જોયુ કે આ કામના આરોપીઓ તેઓના પતિને મોટર સાયકલથી ઉતરવા પણ દિધેલ નહિ તેઓને કુહાડી તથા લાકડીઓથી માર મારવા લાગેલ અને તેઓ એ તેઓને બચાવેલા ત્યારબાદ આ કામના આરોપીઓ ત્યાથી નાસી ગયેલા અને ત્યારબાદ તેઓ બધા પોલીસ સ્ટેશને ગયેલા ત્યાથી તેઓ તેઓના જેઠ રમેશભાઈ તથા તેઓના પતિ લાલાભાઈને વાસણા સરકારી દવાખાને સારવાર સારુ લઈ આવેલા અને ત્યાં સારવાર કરવાની ના પાડતા તેઓને મોડાસા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા આ બનાવમાં તેઓના પતિને માથામાં ઈજાઓ થયેલ હતી અને તેઓના જેઠને માથાના તથા હાથના ભાગે ઈજાઓ થયેલી હતી અને મોડાસા દવાખાને તેઓના પતિને દાખલ કરેલા અને આ બનાવ બાબતે તેઓ મેઘરજ પોલીસ મથકે ચારેય આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી જે ફરીયાદ બાબતે પોલીસે તેઓનો જવાબ લીધેલો. આ કામના આરોપીઓને તેઓ ઓળખે છે જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે તે જ છે. આરોપીઓએ તેઓના પતિ તથા જેઠને જે લાકડીઓથી માર મારેલ તે તેઓ ને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેઓ ને આરોપીઓએ તેઓના પતિ અને જેઠને જે લાકડીઓથી માર મારેલ તે લાકડીઓ બતાવામાં આવે છે તે જોઈને કહે છે તે જ લાકડીઓથી આરોપીઓએ તેઓના પતિ તથા જેઠને માર મારી ઈજા પહોચાડેલ છે. તેઓના જેઠ મેઘરજથી ઘરે આવતા હતા તે દરમ્યાન પન્નાલાલની કરીયાણાની દુકાન આગળ રોકી તેઓને આરોપીઓએ માર મારેલ.

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરતાં એવી હકીકત કબુલે છે કે, તા.૨૬/૦૭/૨૦૧૩ ના રોજ તેઓ તેમના ઘરે કામ કરતી હતી તે દરમ્યાન સાંજના છએક વાગ્યાના સુમારે રોડ ઉપર **બુમાબુમનો અવાજ સંભળાતા** તેઓ તથા તેમની સાસુ કમળાબેન, જેઠાણી સવિતાબેનનાઓને ખબર પડતા દોડી ગયેલા અને વચ્ચે પડી તેમના પતિ તથા જેઠ રમેશભાઈ તથા મંગાભાઈને છોડાવેલા,તેમના જેઠ રમેશભાઈનાઓએ વાત કરેલી કે તેઓ મેઘરજથી ઘરે આવતા દુકાનેથી કરીયાણુ લેવાનુ હોય અને દુકાન નજીક રોડ ઉપર તેમની મો.સા. ઉભી રાખેલ અને તેમની હેલ્મેટ પહેરેલ ઉતારતા વિક્રમભાઈ તથા વિનુભાઈ તથા મુકેશભાઈ તથા રમેશભાઈ તેમને આવી લાકડીઓ લઈ આવી ગયેલા અને વિક્રમભાઈ તથા મુકેશભાઈએ લાકડીઓથી બરડામાં માર મારવા લાગેલા અને વિનુભાઈ તથા રમેશભાઈ નાઓ ગડદાપાટુનો માર મારવા લાગેલા જેથી તેઓએ બુમાબુમ કરતા લાલાભાઈનાઓ તેમને છોડાવવા આવી જતા વિક્રમભાઈનાએ તેના હાથમાની લાકડી લાલાભાઈના કપાળના ભાગે મારી દિધેલી અને તે પછી મંગાભાઈનાઓ આવતા તેઓને વધુ મારમાંથી છોડાવવા જતા રમેશભાઈનાએ મંગાભાઈના પગના ભાગે મારેલ તે પછી આજુબાજુથી માણસો આવતા તેઓને છોડેલા તેવી વાત તેમના જેઠ રમેશભાઈનાએ કરેલી અને ચારેય જણા ત્યાથી જતા જતા કહેતા હતા કે આજે તો બચી ગયા છો પરંતુ હવે મળશો તો જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા આપતા ગાળો બોલતા બોલતા જતા રહેલા અને તેમના પતિને માથામાં કપાળના ભાગે વધુ ઈજા થયેલી અને રમેશભાઈ તથા મંગાભાઈને શરીરે ઓછીવત્તી ઈજાઓ થયેલી હતી અને તેઓને મેઘરજ સરકારી દવાખાને સારવાર કરાવેલી, તેમના જેઠ સાથે ઝઘડો તેમના પતિ લાલાભાઈની જુની અદાવતના કારણે થયેલો હોય તેમના જેઠ રમેશભાઈનાઓ તથા મંગાભાઈનાઓ તથા તેઓ તેમના પતિ જોડે રોકાયેલા અને તેમના સાસુ ઘરે આવી ગયેલા અને બીજા દિવસે તેમના જેઠે મેઘરજ પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, તેઓ ધોરણ–૫ સુધી ભણેલ છે અને તેઓ ને વાચતા લખતા ઓછુ આવડે છે. પોલીસે તેઓના જવાબ ચોકકસ કંઈ તારીખે લીધેલો તે તેઓ ને યાદ નથી. પોલીસે તેઓનો જવાબ ઘરે તથા દવાખાનામાં લીધેલો. તેઓ બોલતા હોય અને પોલીસ લખતી ગયેલ હોય તેવુ બનેલ નથી. બેલ્યોથી મેઘરજ ૧૬ કિ.મી.દુર છે. બનાવવાળી જગ્યા ડામર અને પથ્થર રોડ છે. ત્યાથી તેઓનુ ઘર અડધો કિ.મી. દુર આવેલ છે અને આરોપીઓનુ ઘર પણ અડધો કિ.મી. દુર આવેલુ છે. બનાવવાળી જગ્યાની બાજુમાં ચમારવાસ અને મારવાડી પન્નાલાલ માં ગીલાલની દુકાન આવેલી છે. નજીકમાં બીજા પણ ઘરો આવેલા છે.બનાવ સમયે ચોમાસુ હતુ. બનાવ સમયે તેઓ ઘરેથી આશરે ૬ વાગે નિકળેલી. બનાવ સ્થળે તેઓ ૨૦ થી ૨૫ મીનીટ જેટલુ રોકાયેલા. બનાવ બન્યો તે સમયે તેઓ ઘરે હતા. બનાવ બન્યા બાદ તેઓ સીધા પો.સ્ટેશન સાંજે સાડા છ વાગે ગયેલા. તેઓ પોલીસ સ્ટેશન તેઓના જેઠ, પતિ, સાસુ સાથે ગયેલા. તેઓ પોલીસ સ્ટેશન ખાનગી વાહન પીકઅપ ડાલામાં ગયેલા આ ખાનગી વાહન તેઓના ભાઈ ડામોર નરસિંહભાઈ શનાજીનાઓનુ હતુ. આ નરસિંહભાઈ શનાજીનુ ગામ કાલીયાકુવા છે. નરસિંહભાઈ શનાભાઈને તેઓને ફોન પરથી ફોન કરી બોલાવેલા. તેઓ ને બન્ને ફોન નંબર યાદ નથી. તેઓ સાડા છ વાગે નરસિંહભાઈને ફોન કરેલો. તેઓ પોલીસ સ્ટેશનથી સરકારી દવાખાને આશરે સાતેક વાગે ગયેલા. તેઓ પોલીસ સ્ટેશન અડધો કલાક રોકાયેલા. મેઘરજ સરકારી દવાખાને સારવાર લીધા બાદ તેઓ ત્રણેય મોડાસા દવાખાને સારવાર માટે ગયેલા. મોડાસા દવાખાને તેઓ ત્રણ દિવસ રોકાયેલા. તેઓના જેઠ રમેશભાઈએ હાલની ફરીયાદ મેઘરજ પોલીસને લખાવેલી. પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરે છે.ખેતી તથા પશુપાલનો વ્યવસાય કરતા હોય મોટા ભાગે ઘરે લાકડી રાખતા હોય છે. આરોપીઓ તેઓના ગામના હોય તેઓને પહેલેથી ઓળખે છે. તેમજ બીજા માણસો આવી ગયેલા તેવા શબ્દો તેઓના પોલીસ જવાબમાં લખાવેલ નથી. આ કામના આરોપીઓ તેઓના પતિને મોટર સાયકલથી ઉતરવા પણ દિધેલ નહિ તેઓને કુહાડી તથા લાકડીઓથી માર મારવા લાગેલ તેવી હકીકત તેઓના

પોલીસ જવાબમાં લખાવેલ નથી. તેઓના પતિ લાલાભાઈ, તેઓના સાસુ, જેઠાણીનાઓની પુછપરછ બનાવના ત્રણ દિવસ બાદ તેઓના પતિ ઘરે આવતા પોલીસે તેઓના ઘરે આવી તેઓનો જવાબ લીધેલો. તેઓના પતિ, જેઠ અને આરોપીઓ ગામમાં નિકળે તો સામ સામે મળવાનો પ્રસંગ બને છે. આરોપીઓ સાથે તેઓએ બનાવ પહેલેથી બોલવાના સબંધ નથી. સાહેદે તેમની જુબાનીમાં એવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસે ફકત તેઓનુ નામઠામ પુછેલુ, બનાવવાળી જગ્યાએ ઘણા વાહનોની અવર જવર રહે છે, બનાવ સમયે અંધારુ હતુ, તેઓના જેઠ રમેશભાઈને આરોપી રમેશભાઈ રાયસિંગભાઈના દિકરા સાથે બનાવના સવારે ઝઘડો થયેલો, આરોપીઓએ તેઓના પતિ કે તેઓના જેઠને માર મારેલ હોય, ગાળો આપેલ કે ધમકી આપેલ હોય તેવી હકીકત ખોટી જણાવે છે, તેઓના પતિ અને તેઓના જેઠને રોડ ઉપર પડી જતા ઈજા થયેલી, તેઓએ સ.ત.માં જણાવેલી હકીકતો ખોટી જણાવે છે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૦.૫)** ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૧૩૩ થી સાહેદ સવિતાબેન રમેશભાઈ ડામોર** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે,બનાવ ઘણા વર્ષ અગાઉ બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હાજર હતા અને બનાવ બની ગયા પછી તેઓ મેઘરજ સરકારી દવાખાને તેમના પતિ રમેશભાઈ તથા લાલાભાઈને સારવાર સારુ લાવેલા હોય તેઓ આવલા અને ત્યારબાદ તેઓને મોડાસા સરકારી દવાખાને સારવાર સારુ લઈ ગયેલા અને આ બનાવની ફરીયાદ કરવા તેમના સાસુ તથા તેમના બે છોકરા રમેશભાઈ અને લાલાભાઈ ગયેલા. પોલીસે આ બનાવ બાબતે તેમનો કોઈ જવાબ લીધેલો નથી. આ કામના આરોપીઓને તેઓ ઓળખે છે જે નામ.કોર્ટમાં હાજર છે તે જ છે.

ફરિયાદી તેમની ફરિયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરિયાદપક્ષે વિગતવારની ઉલટ તપાસ કરતાં એવી હકીકત કબુલે છે કે,તા.૨૬/૦૭/૨૦૧૩ ના રોજ તેઓ તેમના ઘરે કામ

કરતી હતી તે દરમ્યાન સાંજના છએક વાગ્યાના સુમારે રોડ ઉપર બુમાબુમનો અવાજ સંભળાતા તેઓ તથા તેમના સાસુ કમળાબેન, દેરાણી શારદાબેનનાઓને ખબર પડતા દોડી ગયેલા અને વચ્ચે પડી તેમના પતિ તથા દિયર લાલાભાઈ તથા મંગાભાઈને આ કામના આરોપીઓ લાકડીઓથી તેમજ ગડદાપાટુનો માર મારી ગાળો બોલતા હતા જેથી તેઓએ જઈને વચ્ચે પડી તેમના પતિ તથા દિયર લાલાભાઈ તથા મંગાભાઈને વધુ મારમાંથી છોડાવેલા અને તેમના પતિનાઓએ પુછતા તેઓએ જણાવેલ કે તેઓ મેઘરજથી ઘરે આવતા દુકાનેથી કરીયાણુ લેવાનુ હોય અને દુકાન નજીક રોડ ઉપર તેમની મો.સા. ઉભી રાખેલ અને તે વખતે ચારેય જણાભાઈ લાલાભાઈની જુની અદાવત રાખી તેમને માર મારવા લાગેલા અને નઠારી ગાળો બોલવા લાગેલા તેઓ બુમાબુમ કરતા લાલાભાઈનાઓ આવી જતા વચ્ચે પડતા લાલાભાઈનાઓ વિક્રમભાઈનાએ તેના હાથમાની લાકડી લાલાભાઈના કપાળના ભાગે મારી દિધેલી અને ગડદાપાટુનો માર મારવા લાગેલા તેવામાં મંગાભાઈ તેમના ઘર તરફથી આવી જતા તેઓ બન્ને ભાઈઓને છોડવવા જતા રમેશભાઈનાઓએ મંગાભાઈના પગના ભાગે મારેલ તેવી વાત તેમના પતિ રમેશભાઈએ કરેલી તે પછી આ લોકો તેમના તથા ઘરના માણસો તથા બીજા માણસો આવી જતા ત્યાથી તેમના ઘરો તરફ જતા જતા નઠારી ગાળો બોલતા હતા અને કહેતા હતા કે આજે તો બચી ગયા છો પરંતુ હવે મળશો તો જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા આપતા જતા રહેલા અને તેમના દિયર લાલાભાઈને વધુ ઈજા થયેલ હોય તેમના પતિ તથા મંગાભાઈ તથા દેરાણી શારદાબેન તથા તેમના સાસુ કમળી બેન ખાનગી વાહનમાં મેઘરજ સરકારી દવાખાને લઈને જતા રહેલા અને તેઓ રોડ ઉપરથી ઘરે આવેલા ત્યારબાદ તેમના પતિ તથા મંગાભાઈ તથા દિયર લાલાભાઈને મેઘરજ સરકારી દવાખાને સારવાર કરાવેલી અને દિયર લાલાભાઈને વધુ સારવાર અર્થે મોડાસા સાર્વેજનીક હોસ્પીટલ લઈ જઈ દાખલ કરેલા અને બીજા દિવસે તેમના પતિનાઓએ મેઘરજ પોલીસ સ્ટેશને ચારેય આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ આપેલી.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, તેઓ અભણ છે અને તેમને વાચતા લખતા નથી આવડતુ. **બનાવ સમયે તેઓ તેમના ઘરે હતી**

**બનાવ શુ બન્યો કેવી રીતે બન્યો તેની તેમને ખબર નથી. બનાવ સમયે તેમના ઘરે તેમની સાથે તેમના સાસુ કમળીબેન અને તેમના દેરાણી શારદાબેન ઘરે હતી જેથી તેઓને બનાવની ખબર નથી.** તેઓ પણ તેમની સાથે બનાવ સ્થળે આવેલા. **તેઓ ત્રણેય બનાવ વાળા સ્થળે પહોચ્યા ત્યારે તેમના પતિ અને તેમના દિયર ત્યા ન હતા. તેઓ તેમના ઘરે જતી રહેલી.** તેઓ મેઘરજ દવાખાને પણ આવેલ નથી. તેઓ ઘરેથી મેઘરજ આવેલી નથી. પોલીસે તેમનો જવાબ લીધેલ નથી. તેમના પતિ, તેમના દિરય અને તેમના દેરાણી શારદાબેન ત્રણ દિવસ બાદ ઘરે આવેલા. આરોપીઓ તેમના ગામના છે તેઓને પહેલેથી જ ઓળખે છે. તેમના પતિ અને તેમના દિયરને આરોપીઓ સાથે સારા સં બંધો નથી. તેઓ બધા જોડે રહે છે. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓએ તેમની સ.ત.માં જણાવેલી હકીકતો ખોટી જણાવેલ છે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા સોગંધ ઉપર ખોટી જુબાની આપે છે.

**(૧૦.૬)** ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક-૫૩ થી સાહેદ પનાલાલ માંગીલાલ મારવાડી** તથા **આંક-૧૦૬ થી સાહેદ મંગાભાઈ ફતાભાઈ મારીવાડ**નાઓને ફરિયાદપક્ષ ધ્વારા તપાસવામાં આવેલાં છે. તેઓએ તેમની જુબાનીમનાં એવી હકીકત જણાવેલ છે કે બનાવ બાબતે તેઓ કઈ જાણતો નથી. આમ, સાહેદો તેમની જુબાનીથી ફરિયાદપક્ષના કેસને સમર્થન મળતું ન હોય ફરિયાદપક્ષ ધ્વારા આ સાહેદોને ફરી ગયેલાં જાહેર કરવાની અરજ કરતાં આ કામના સાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલાં છે અને ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન પુરુ પાડેલ નથી.

**(૧૧) <u>મેડીકલ ઓફીસરનો પુરાવો :-</u>**

ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક-૧૩૫ થી ડો.શ્વેતલાનાબેન કલેમેન્ટ એહારી**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો

આપે છે કે, સને ૨૦૧૩ ની સાલમાં તેઓ મેડીકલ ઓફીસર તરીકે સી.એચ.સી. મેઘરજ ખાતે ફરજ બજાવતા હતા. તેઓની સાથે ડો.એસ.એ.સુથારનાઓ પણ મેડીકલ ઓફીસર તરીકે મેઘરજ સી.એચ.સી. ખાતે ફરજ બજાવતા હતા જેઓ સને ૨૦૧૭–૧ ૮ ની સાલમાં સી.એચ.સી., મેઘરજ છોડી દઈ પોતાની પ્રાઈવેટ પ્રેકટીસ કરતા હતા પરતુ હાલ તેમનો કોન્ટેક થઈ શકતો નથી. તેમના કાર્યકાર દરમ્યાન તા.૨૬/૦૭/૨૦૧૩ ના રોજ રાત્રીના ૮/૧૫ વાગે એક દર્દી નામે **મંગલાભાઈ પ્રતાપભાઈ માલીવાડ,** રહે.બેલ્યો, તા.મેઘરજ, જી.સાબરકાંઠાનાઓ સારવાર માટે આવેલા તેઓએ તેમની હિસ્ટીમાં એવુ જણાવેલ કે, મારા મારી સાંજે ૫/૩૦ વાગ્યાની આસપાસ થયેલ છે તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. ઈજા નં. ૧: જમણા હાથના અંગુઠાની પાછળના ભાગે ૫×૩ સેમી નો સોજો હતો અને દુખાવો હતો. ઈજા નં. ૨: જમણા હાથની બધી આંગળીઓના ટેરવા ઉપર ૩×૧ સેમી નો સોજો અને દુખાવો હતો. તેમના અભિપ્રાય મુજબ કહેવાતી ઈજાઓ સખત અને બોથડ પ્રદાર્થથી થઈ શકે તેવા પ્રકારની હતી સદર દર્દીને તે જ દિવસે અડધો કલાકમાં રજા આપી દેવામાં આવેલી. તેમની સાથે બીજા દદી નામે ર**મેશભાઈ ભુરાભાઈ ડામોર,** રહે.બેલ્યો, તા.મેઘરજ, જી.સાબરકાંઠા નાઓ સારવાર માટે તા.૨૬/૦૭/૨૦૧૩ ના રાત્રીના ૮/૧૫ વાગે સારવાર માટે આવેલા તેઓએ તેમની હિસ્ટીમાં એવુ જણાવેલ કે, મારા મારી સાંજે ૫/૩૦ વાગ્યાની આસપાસ થયેલ છે તેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી. ઈજા નં. ૧: પીઠ ઉપર જમણી બાજુએ ઉપરના ભાગે બે ઉજરડા એક સાથે જોવા મળેલા જે ૧૦×૨ સેમી ના હતા અને દુખાવો હતો. તેમના અભિપ્રાય મુજબ કહેવાતી ઈજાઓ સખત અને બોથડ પ્રદાર્થથી થઈ શકે તેવા પ્રકારની હતી જે ગડદાપાટુ જેવી હતી સદર દર્દીને તે જ દિવસે અડધો કલાકમાં રજા આપી દેવામાં આવેલી. આ બન્ને દર્દીઓને તપાસી ડોકટર એસ.એ.સુથારનાઓએ મેડીકલ સર્ટીફિકેટ ઈસ્યુ કેરલા જે એમ.એલ.સી. નંબર ૬૭/૧૩ અને ૬૮/૧૩ નાઓ તેઓ ને બતાવમાં આવે છે જેમાં ડોકટર એસ.એ.સુથારનાઓની સહી તથા સિકકો છે જે તેઓ ઓળખી બતાવે છે.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, હોસ્પીટલમાં ડોકટરનો ઓ.પી.ડી સમય સવાર ૮ થી ૧૨ અને સાંજના ૪ થી ૬ વાગ્યાનો હોય છે. કોઈ પણ દદી આવે તો તેને નંબર વાઈઝ ચેક કરવામાં આવે છે અને એક દર્દીને સારવાર કરી બીજા દર્દીને સારવાર કરવામાં આવે છે. આ બન્ને સર્ટીફિકેટમાં દદીઓ પોલીસ યાદી સાથે આવેલા કે યાદી વગર આવેલા તે જણાવેલુ નથી. ૬૭/૧૩ ના સટીફિકેટમાં જણાવેલ ઈજા પડી જવાથી થઈ શકે તેવા પ્રકારની છે. બન્ને સર્ટીફિકેટમાં જણાવેલ ઈજાઓ સામાન્ય પ્રકારની છે. બન્ને દર્દીઓને તેઓએ તપાસેલ નથી જેથી સર્ટીફિકેટમાં જણાવેલ હકીકતો સિવાય તેઓ બીજુ કંઈ કહી શકે તેમ નથી. બન્ને સટીફિકેટમાં તેવોને તપાસ્યાનો અને ડીસચાર્જ કર્યાનો સમય સરખો લખેલ છે. સર્ટીફિકેટો જોતા બન્ને દર્દીને સામાન્ય ઈજાઓ થયેલ હોય જેથી તેવોને અન્ય કોઈ હોસ્પીટલમાં રીફર કરેલા નથી.

(૧૨) <u>પુરાવાઓનુ મુલ્યાકન:-</u>

**(૧૨.૧)** આ કામે ફરિયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરિયાદીએ તેમની આંક- ૧૦૧ ની **ફ્રીયાદમાં** જણાવેલ છે કે, તેઓને આરોપી વિક્રમભાઈ તથા મુકેશભાઈએ બરડાના ભાગે લાકડીથી માર મારેલો. તેમજ તેમના ભાઈ લાલાભાઈને વિક્રમભાઈએ કપાળના ભાગે લાકડી મારેલી તથા વિનુભાઈએ બરડાના ભાગે લાકડીથી માર મારેલો. તેમજ મંગાભાઈ ફતાભાઈને આરોપી રમેશભાઈએ પગના તથા બરડાના ભાગે લાકડીથી માર મારેલ હોવાની હકીકત જણાવેલ છે. જયારે **ફ્રીયાદીએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાનીમાં,** આરોપીઓએ તેમને બરડાના ભાગે, કપાળના ભાગે લાકડીથી માર મારેલ તેમજ તેમના ભાઈ લાલાભાઈને વિક્રમભાઈએ લાકડીથી માથાના ભાગે માર મારેલ અને મંગાભાઈને ચારેય આરોપીઓએ લાકડીથી શરીરે માર મારેલ. આ સબંધે **ઈજા પામનાર લાલાભાઈ વિક્રમભાઈ મનુભાઈએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ**

**છે કે,** વિક્રમભાઇએ તેઓ ને કપાળના ભાગે લાકડી મારેલી અને વિનુભાઈ મનુભાઇએ તેઓ ને બરડાના ભાગે લાકડી મારેલી. જયારે સાહેદ **કમળીબેન ભુરાભાઈ ડામોર નાઓએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાનીમાં** વિક્રમભાઈએ લાલાભાઈને માથામાં કુહાડી મારેલ હોવાની હકીકત જણાવેલ છે. **સાહેદ શારદાબેને લાલાભાઈ ડામોરે પણ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,** તેમના જેઠ રમેશભાઈ ભુરાભાઈને આ કામના આરોપીઓ ભેગા મળી મારતા હતા અને તેમના પતિ લાલાભાઈનાઓને આરોપીઓએ મોટર સાયકલથી ઉતરવા પણ દિધેલ નહિ તેઓને કુહાડી તથા લાકડીઓથી માર મારવા લાગેલ. આમ, ફ્રીયાદી– સાહેદને કયા હથીયાર વડે તથા શરીરના કયા ભાગે માર મારેલ છે. તેવી હકીકતો અંગે બધા સાહેદોની જુબાનીમાં મહત્વનો વિરોધાભાસ જણાય આવે છે.

**(૧૨.૨)** વધુમાં, ફ્રીયાદી–સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો બનાવમાં મંગાભાઈ ફ્તાભાઈનાઓને ઈજા થયેલ હોવાનુ જણાવેલ છે.પરંતુ સાહેદ મંગાભાઈ ફ્તાભાઈ એ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં બનાવ બાબતે તેઓ કંઈ જાણતા ન હોવાની હકીકત જણાવેલ છે. તેમજ તેઓને ઈજા થયેલ હોય તેવુ કોઈ મેડિકલ સર્ટીફિકિટ પણ સદર કામે રજુ રાખેલ નથી. તેમજ જે સર્ટીફીકેટ આંક– ૧૩૬ થી રજુ છે. તેમાં મંગલાભાઈ પ્રતાપભાઈ મારીવાડનુ નામ લખેલ છે. મંગલાભાઈ પ્રતાપભાઈ મારીવાડને સદર કામે કોઈ ઈજા થયેલ હોય તેવુ કોઈ સાહેદોએ જણાવેલ નથી.તેમજ મંગલાભાઈ પ્રતાપભાઈને સદર કામે તપાસવામાં પણ આવેલ નથી. જેથી બનાવમાં મંગાભાઈ ફ્તાભાઈને ઈજા થયેલ હોય તેવી હકીકત શંકાસ્પદ જણાય આવે છે. વધુમાં, **આંક– ૧૩૭** થી ફ્રીયાદી રમેશભાઈ ડામોરનુ મેડિકલ સર્ટીફિકિટ રજુ થયેલ છે. જેમાં પીઠ ઉપર જમણી બાજુ બે ઉઝરડા જોવા મળેલ છે. જેમાં ફ્રીયાદીને કપાળના ભાગે કોઈ ઈજા થયેલ હોય તેવુ જણાવેલ નથી. વધુમાં, આંક– ૧૪૦ થી લાલાભાઈનુ મોડાસા સાર્વજનીક હોસ્પીટલની મેડિકલ સર્ટીફીકેટ રજુ રાખેલ છે. જેમાં તેઓને મેઘરજ સી.એસ.સી સેન્ટરથી રીફ્ર કરેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ સદર કામે મેઘરજ સી.એચ.સી સેન્ટર ખાતે લાલાભાઈનાઓએ કોઈ સારવાર કરાવેલ હોય તેવો કોઈ જ પુરાવો કે

મેડિકલ સર્ટીફીકેટ કે રીફ્ર ચીઠઠી રજુ કરેલ નથી. વધુમાં, આંક– ૧૪૦ ના મેડિકલ સર્ટીફીકેટમાં લાલાભાઈને કપાળના ભાગે ઈજા થયેલ હોવાનુ લખેલ છે તથા કમરના ભાગે દુખાવો હોવાનુ લખેલ છે. આ ઈજા સંદર્ભે લાલાભાઈએ તેમની જુબાનીમાં તેઓને કપાળના ભાગે,બરડાના ભાગે લાકડી મારેલી હોવાનુ જણાવેલ છે. તેમજ તેઓ ની પાસળી પર ઈજા થતા તુટી ગયેલ હોય છ દીવસ સુધી તેઓ ને સારવાર માટે દાખલ રાખેલ હોવાનુ જણાવેલ છે. પરંતુ આંક– ૧૪૦ નુ મેડિકલ સર્ટીફીકેટ જોતા લાલાભાઈને કોઈ પાંસળીમાં ફ્રેકચર થયેલ હોય તેવી હકીકત બહાર આવવા પામેલ નથી. તેમજ સાહેદ લાલાભાઈએ તેમની જુબાનીમાં તેઓને છ દીવસ હોસ્પીટલમાં રાખેલ હોવાનુ જણાવેલ છે. જયારે આંક– ૧૪૦ ના મેડિકલ સર્ટીફીકેટમાં તેઓને તા. ૨૭/૦૭/૨૦૨૩ ના રોજ ડિસ્ચાર્જ કરી દીધેલા હોવાનુ લખેલ છે. વધુમાં, આંક– ૧૩૭ અને ૧૪૦ ના સારવાર સર્ટીફીકેટો ઘ્યાને લેતાં ફરીયાદીએ કે સાહેદ લાલાભાઈએ તેઓને હાલના કામના આરોપીઓ દ્ધારા લાકડી મારી ઈજા કરેલ હોવાની હીસ્ટ્રી લખાવેલ નથી. વધુમાં ફરીયાદી તથા આરોપી એક જ ગામના હોવા છતાં તેમજ એકબીજાને પહેલેથી ઓળખતા હોવા છતાં ફરીયાદી તથા સાહેદે તેઓની સારવાર કરનાર ર્ડાકટર સમક્ષ હીસ્ટ્રીમાં તેઓને ઈજા કરનાર વ્યકિતનું નામ અને સરનામુ જણાવેલ નથી તેમજ તેઓને કયા હથિયાર વડે માર મારવામાં આવેલ છે તેવી કોઈ હકીકત પણ જણાવેલ નથી. વધુમાં સાહેદ લાલાભાઈએ તેમને પાંસળીના ભાગે ફ્રેકચર થયેલ હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તે અંગેનો કોઈ કોઈ એકસ રે રજુ રાખેલ નથી. આમ, સાહેદની જુબાની તથા મેડિકલ સર્ટીફિકેટની હકીકતો વિરોધાભાસી જણાય છે. જેના કારણે ગુનાની કળીઓ મળતી નથી અને ફ્રીયાદી /સાહેદને થયેલ ઈજાઓ શંકાસ્પદ બની જાય છે. .

**(૧૨.૩) વધુમાં, સાહેદ કમળાબેને તથા સાહેદ શારદાબેને તેમની જુબાનીમાં** તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલા અને બનાવ નજરે જોયેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ સાહેદ શારદાબેને ફ્રીયાદપક્ષની ઉલટતપાસ દરમ્યાન કબુલ રાખેલ છે કે બુમાબુમ થતા તેઓ તેમની સાસુ તથા તેમની જેઠાણી સવિતાબેન બનાવવાળી જગ્યાએ ગયેલા. પરંતુ બચાવપક્ષની ઉલટતપાસમાં બંને સાહેદો કબુલે છે કે, તેમનુ ઘર બનાવવાળી જગ્યાએથી

અડધોથી ૧ કી.મી. દુર આવેલ છે તો આ સંદર્ભે જોઈએ તો અડધો –એક કી.મી દુર થી બુમાબુમ કેવી રીતે સંભળાય તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેમજ તેમનુ ઘર બનાવવાળી જગ્યાએથી સીધુ જોઈ શકાય તેવુ પણ ન હોવાની હકીકત ફરીયાદપક્ષના સાહેદોએ કબુલ રાખેલ છે. વધુમાં, સાહેદ કમળીબેન અને શારદાબેન સાથે સાહેદ તેમજ તેમની સાથે સવિતાબેન ગયેલા હોવાનુ જણાવેલ છે. પરંતુ સવિતાબેને તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ તેમના ઘરે હતી બનાવ શુ બન્યો કેવી રીતે બન્યો તેની તેમને ખબર નથી. બનાવ સમયે તેમના ઘરે તેમની સાથે તેમના સાસુ કમળીબેન અને તેમના દેરાણી શારદાબેન ઘરે હતી જેથી તેઓને બનાવની ખબર નથી. તેઓ પણ તેમની સાથે બનાવ સ્થળે આવેલા. તેઓ ત્રણેય બનાવ વાળા સ્થળે પહોચ્યા ત્યારે તેમના પતિ અને તેમના દિયર ત્યા ન હતા. આમ, સદર સાહેદની જુબાની પરથી ત્રણેય સાહેદો બનાવ બની ગયા પછી સ્થળે પહોચેલા અને બનાવ નજરે જોયેલ ન હોવાનુ સ્પષ્ટ ફલિત થાય છે.

**(૧૨.૪)** વધુમાં હાલનાં કામે પંચ સાહેદો સિવાયનાં સાહેદો એટલે કે, ફરીયાદી , તેના ભાઈ તેઓની પત્ની તથા માતા છે એટલે કે આ તમામ સાહેદો એક જ કુટુંબના હોય તેવા સાહેદો આ કામે હિત ધરાવતા સાહેદો ગણી શકાય. જો કે પુરાવાનો એવો નિયમ નથી કે ભોગ બનનારના સગાઓનો પુરાવો ધ્યાનમાં ન લઈ શકાય પણ ભોગ બનનારના સગા સબંધીનો પુરાવો ધ્યાનમાં રાખતી વખતે કોર્ટે ખુબજ સંભાળ અને કાળજી રાખવી જોઈએ તેવો ડહાપણનો નિયમ છે. આ સંદર્ભે નામ. સુપ્રિમ કોર્ટ નો ચુકાદો ધ્યાનમાં લેવામાં આવે તો **AIR 2013 S.C.983 "Raju v. State of Tamil Nadu"** તેમાં ઠરાવેલ છે કે,

38.The sum and substance is that the evidence of a related or interested witness should be meticulously and carefully examined. In a case where the related and interested witness may have some enmity with the assailant, the bar would need to be raised and the evidence of the witness would have to be

examined by applying a standard of discerning scrutiny. However, this is only a rule of prudence and not one of law...

ઘણા કેસોમાં એવુ પણ બને છે કે હિત ધરાવતા સાહેદો એવુ ઈચ્છતા હોય છે કે આરોપીને સજા થાય અને તે માટે તેવો સાચા બનાવ ઉપરાંત તેમાં હકિકતોનો ઉમેરો કરી અને પુરાવો રજુ કરતા હોય છે કે જેથી ફરીયાદ પક્ષનો કેસ મજબુત થાય અને તેમની તરફેણમાં ચુકાદો આવે. આ પ્રકારના માત્ર હિત ધરાવતા સાહેદોનો પુરાવો જયારે રેકર્ડ ઉપર છે ત્યારે આ કામમાં પણ અત્રેની કોર્ટે ખુબજ કાળજી રાખી અને પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે છે. માત્ર ફરીયાદ પક્ષના હિત ધરાવતા સાહેદોની મૌખીક જુબાની માની અને આરોપીને દોષીત ઠરાવવામાં આવે તો તેનાથી સાચો ન્યાય થયેલ ગણાય નહી. આ ફરીયાદ પક્ષના એક જ કુટુંબનાં સભ્યો તથા સગા સંબંધીઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક પુરાવો આપવાનો પ્રયત્ન કરેલ છે, ત્યારે આ પ્રકારના પુરાવાના સમયે કેસની હકીકત અને અન્ય પુરાવોઓ પણ ધ્યાનમાં રાખવા પડે અને તેના આધારે સત્યની શોધ કરવાની રહે છે. તે મુજબ જોઈએ તો આ કામે ફરીયાદપક્ષનાં કહેવા મુજબ બનાવવાળી જગ્યાએ જાહેર વિસ્તાર છે. જ્યા નજીકમાં ચમારવાસ તથા પન્નાલાલ માંગીલાલની દુકાન આવેલી છે અને નજીકમાં અન્ય ઘરો આવેલ હોવાનુ મોટા ભાગના સાહેદોએ તેમની જુબાનીમાં કબુલેલ છે. આમ, બનાવવાળી જગ્યાએ અન્ય સવતંત્ર સાહેદો મળી શકે તેમ હતા છતા સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. તેમજ જે પન્નાલાલ માંગીલાલનાઓની દુકાન આગળ બનાવ બન્યો તેઓનુ નિવેદન સદર કામે ધ્યાને લઈએ તો તેઓએ તેમની જુબાનીમાં તેઓ બનાવ સબંધે કંઈ જાણતા ન હોવાનુ જણાવેલ છે. તેમજ બનાવ સબંધે વાતોવાતથી પણ કંઈ જાણવા મળેલ ન હોવાનુ જણાવેલ છે. આમ, આ કામે ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી. વધુમાં ફરીયાદીની માતા સાહેદ કમળીબેન તથા સાહેદ શારદાબેને તેમની જુબાનીમાં જણાવેલ છેકે, આરોપીઓ સાથે બનાવ આગળથી બોલવાના સબંધો નથી. તેમજ સાહેદ સવિતાબેને પણ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફ્રરીયાદી તથા સાહેદ લાલાભાઈને આરોપીઓ સાથે સારા સબંધો નથી. સાહેદોની તેવી જુબાની પરથી ફ્રરીયાદપક્ષ અને આરોપીઓ વચ્ચે કોઈ જુની

અદાવત ચાલી આવેલ હોય તેવી હકીકત ફલિત થાય છે, જેથી ફરીયાદપક્ષનાં કેસ અંગે શંકા ઉત્પન્ન થાય છે, આ સંજોગોમાં ફરીયાદપક્ષનાં પુરાવામાં શંકા ઉભી થતી હોય જેનો લાભ આરોપીપક્ષને આપવો જ રહયો.

(૧૨.૫) વધુમાં, સદર કામે ફરીયાદી તેમની જુબાનીમાં, બેલ્યોથી તેઓ સીધા પો.સ્ટે ગયેલા ત્યારબાદ દવાખાને ગયેલા હોવાનુ જણાવેલ છે. તેમજ તેઓ એકલા પોલીસ સ્ટેશન ગયેલાનુ જણાવેલ છે. જયારે સાહેદ લાલાભાઈએ તેમની જુબાનીમાં તેમના ભાઈ રમેશભાઈ અને મંગાભાઈ ફતાભાઈનાઓ ફરીયાદ આપવા પો.સ્ટે ગયેલાનુ જણાવેલ છે. જયારે સાહેદ કમળીબેન તેમની જુબાનીમાં દવાખાનેથી તેઓ અને તેમના બે દીકરાઓ પોલીસ સ્ટેશન ગયેલા નુ જણાવેલ છે. સાહેદ શારદાબેન તેમની જુબાનીમાં બનાવ બન્યા બાદ તેઓ સીધા પો.સ્ટે ગયેલાનુ જણાવેલ છે. આમ, બનાવ બન્યા બાદ ફરીયાદ આપવા પો.સ્ટે ગયેલાનુ જણાવેલ છે. પરંતુ રેકર્ડ જોતા બનાવ તા. ૨૬/૦૭/૨૦૧૩ ના રોજ બનેલ છે અને તેની ફરીયાદ તા. ૨૬/૦૭/૨૦૧૩ ના રોજ આપવામાં આવેલ છે. આમ, ફરીયાદ કયારે આપવામાં આવેલી અને ફરીયાદ આપવા કોણ કોણ ગયેલા તેવી હકીકત સંદર્ભે બધા સાહેદોની જુબાનીમાં મોટો વિરોધાભાસ જોવા મળે છે. આમ, બનાવ તારીખે, સમયે અને સ્થળે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૨૪, ૧૧૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૨.૬)** હવે ઈ.પી.કો. કલમ–૫૦૪ બાબતે ફરીયાદપક્ષનાં કેસની હકિકત ધ્યાને લ ેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાં આરોપીઓએ ફરીયાદી ગાળો બોલ ેલાની હકિકત ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા બનાવ સમયે હાજર સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ ગાળોમાં શું શબ્દો બોલેલા તેવી કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આરોપીઓ દવારા ગાળો આપેલ તેમાં શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતું

નથી. ઈ.પી.કો. કલમ–૫૦૪ નાં આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેનાં કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. આ તબકકે નામ. ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) જી. એલ. એચ. ૩૩૭ પર પ્રસિધ્ધ પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનાં ચુકાદામાં જે તારણો નોંધવામાં આવેલ છે તે ધ્યાનમાં લેતા હાલનાં કામે ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબનાં તત્વો સંતોષાતા નથી કે આરોપીઓને તે સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં, આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે તે બાબતે રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદીએ તેમની ફરીયાદમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલી તેમ જણાવેલ છે, પરંતુ આરોપીઓની ધમકીનાં કારણે ફરીયાદી/સાહેદ ને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતું કે કેમ ? અને તેઓની ઉપર ધમકીની કોઈ અસર હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ તેઓએ કોઈ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવું જોઈએ, પરંતુ સમગ્ર રેકર્ડ જોતા તેવી કોઈ હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આ કામનાં આરોપીઓને ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૨.૭)** હવે બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ ચર્ચા કરવામાં આવે તો, બનાવની તારીખે, સમયે અને સ્થળે ખરેખર હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હતું કે કેમ ? તે અંગે ફરીયાદપક્ષે જે તે કચેરીનાં કોઈ જવાબદાર કર્મચારીને તપાસેલ નથી કે તેવું કોઈ જાહેરનામું કે તેની નકલ પણ રજુ કરેલ નથી. જેથી સદર હથિયારબંધી અં ગેના જાહેરનામાનાં અમલીકરણ અંગે શંકા ઉપસ્થિત થાય છે. ત્યારે હાલનાં આરોપીઓને તે મુજબ બી.પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૩)** આમ સદર કામે ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ ઉપરોકત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કામના ફરીયાદીની ફરીયાદ તથા આ કામના ફરીયાદી તથા આ કામના અન્ય સાહેદોના પુરાવામાં મહત્વનો વિરોધાભાસ જણાઈ આવતો હોય તથા આ કામના ફરીયાદીનો તથા સાહેદોનો પુરાવો શંકાસ્પદ હોવાનું તથા વિશ્વાસપાત્ર અને માનવાલાયક જણાઈ આવતો ન હોય તથા આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ લાલાભાઇને બનાવ સમયે બિભત્સ ગાળો બોલી, આરોપીઓએ ફરીયાદી બદ્દભ સાહેદ લાલાભાઇને લાકડીઓથી માર મારી સ્વૈચ્છાપુર્વક ઈજા પહોંચાડેલ હોવાનું શંકાથી પર રહી પુરવાર થતું ન હોય તથા આ કામના આરોપીએ હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવાનું શંકાથી પર રહી પુરવાર થતું ન હોય, તથા આ કામના આરોપીઓપક્ષે તેઓના બચાવમાં લીધેલ બચાવ મુજબની શકયતાઓ રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ હોઈ અને ક્રિ મિનલ જયુરશપ્રુડન્સનો ફરીયાદી પક્ષે પોતાનો કેસ શંકાથી પર રહી પુરવાર કરવાનો છે આરોપીએ પોતે નિર્દોષ છે તેવું શંકાથી પર રહી પુરવાર કરવાનું નથી. આરોપીએ માત્ર શકયતાઓ દર્શાવવાની છે. કોઈપણ પ્રકારનો પુરાવો હોય પણ તેમાં જયારે શંકાનુ તત્વ પ્રવેશે ત્યારે એવો પુરાવો ફરીયાદપક્ષની નિષ્ફળતામાં પરિણમે છે. એ એક સુસ્થાપિત સિધ્ધાંત છે કે શંકા આખર શંકા છે, શંકા ગમે તેટલી દ્રઢ, મજબૂત હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી તેવો પાયાનો સિધ્ધાંત હોવાથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ આખરી હુકમ ૦**

**(૧)** આ કામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૦૦૨૭/૨૦૧૩ ના કામે (૧) વિક્રમભાઈ મનુભાઈ ડામોર (૨) વિનુભાઈ મનુભાઈ ડામોર (૩) મુકેશભાઈ રમેશભાઈ ડામોર (૪) રમેશભાઈ રાયચંદભાઈ ડામોર રહે. બેલ્યો, તા. મેઘરજ, જી. અરવલ્લી.નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬ (૨),૧૧૪ તથા

જી.પી.એકટ ૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે કરેલ મુદ્ધામાલ અપીલ સમય બાદ નીયમોનુસાર નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદ્દ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૧ લી, માહે– એપ્રિલ, ૨૦૨૬ સને ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૦૧/૦૪/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |